Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

SVH MEDINT
An ISO 9001 : 2015 Certified Company HEALTHCARE MADE EASY
Wholesale I Retail I Export I Import
કેન્સર • કીડની
કીમોથેરાપી • ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી • ન્યુરો
લીવર • ગેસ્ટ્રો • ઓર્થો
આઈસીયુ.ની
દવાઓ તથા ઈન્જેક્શન
Pan India Delivery
Costly Medicines & Injectables at
LOW COST
(Call & Whatsapp) 9978661661

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી
કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ
માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર,
નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૦ ● અંક : ૩૭ ● સળંગ અંક : ૧૦૨૬ ● પ્રકાશિત તા-૧૪-૮-૨૦૨૪,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

અમિત શાહ અને ભૂપેન્દ્ર પટેલ સહિતના નેતાઓ રહ્યા હાજર

અમદાવાદમાં યોજાઈ ભવ્ય તિરંગા યાત્રા

અમદાવાદ : AMC દ્વારા અમદાવાદના વિરાટનગરમાં તિરંગાયાત્રાનું આયોજન કરાયું હતુ, આ તિરંગા યાત્રાને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ફ્લેગ ઓફ કરાવ્યું હતું. અમિત શાહ સાથે CM ભૂપેન્દ્ર પટેલ અને રાજય સરકારના મંત્રીઓ તિરંગાયાત્રામાં ઉપસ્થિત રહ્યાં હતા. વિરાટનગરના કેસરી નંદન ચોકથી તિરંગાયાત્રાની શરૂઆત થઈ હતી. આ યાત્રાનો નિકોલના ખોડીયાર મંદિર સુધીનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં અમદાવાદના લોકો સામેલ થયા હતા.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, સ્વતંત્રતા પર્વની ઉજવણી પહેલાં રાજયના ચાર મહાનગરોમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે ૧૩ ઓગસ્ટના રોજ (મંગળવારે) અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વિરાટનગરથી લઈ નિકોલ ખોડિયાર મંદિર સુધી ત્રણ કિલોમીટર લાંબી તિરંગા યાત્રા યોજવામાં આવી હતી. સાંજે ૫.૨૦ વાગ્યે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા રાષ્ટ્ર ધ્વજ લહેરાવી તિરંગા યાત્રાની શરૂઆત કરવામાં આવી હતી. જોકે, વિરાટનગર ફુવારા સર્કલથી ચાલુ થયેલી ૩ કિમી લાંબી તિરંગા યાત્રા નિકોલ ખોડિયાર મંદિર ખાતે પૂર્ણ થઇ છે. તિરંગા યાત્રામાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ બે કિલોમીટર અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ત્રણ કિલોમીટર સુધી યાત્રામાં ચાલતા જોડાયા હતા.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહએ કહ્યું કે, હર ઘર તિરંગા અભિયાન યુવાનીઓમાં નવ ઉર્જા ભરવાનું કામ કરે છે. તેમણે કહ્યું કે, હર ઘર તિરંગા અભિયાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલો કાર્યક્રમ દેશ ભક્તિની અભિવ્યક્તિની સાથે સાથે ૨૦૪૭માં મહાન અને વિકસિત ભારતનું એક પ્રતિક બન્યું છે, ૧૫મીએ દરેક ઘર પર વાહન પર તેમજ ઓફિસ અને કચેરી પર તિરંગો લહેરાય અને દેશભક્તિનો વાતાવરણ ઉભો થાય તેવું કાર્ય કરવાનું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, દેશને મળેલી મહામૂલી આઝાદીનો ગૌરવ ગાન કરવા માટે તેમજ આઝાદીના લડવૈયાઓને યાદ કરવા માટે હર ઘર તિરંગા યાત્રાની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રેરણા આપી છે. આ અમૃતકાળ ચાલી રહ્યો છે, ત્યારે ૨૦૪૭માં આપણે આઝાદીની સતાબ્દી ઉજવવાના છીએ.

મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે
તમામ ઉપવાસીઓને શુભેચ્છાઓ
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે
ફરાળી વાનગીઓનો રસથાળ
બફવડા, કટલેશ, ખમણ, ફુલવડી, પાતરા, વેફર, સ્પે.ફરાળી ચેવડો, ફરાળી ચવાણું, સાબુદાણાની ખીચડી મળશે
પંકજભાઈ નાગર (જુના અને જાણીતા) આશિષભાઈ નાગર
જયશ્રી
ચામુંડા ફરસાણ સેન્ટર
ઉમિયા માતાજીના મંદિર પાસે,નવા વાડજ,અમદાવાદ.

શ્રાવણ માસ નિમિત્તે
ફરાળી બફવડા
ફરાળી સાબુદાણા વડા
ફરાળી ફુલવડી
ફરાળી તીખો-મીઠો ચેવડો
કેળા વેફર-બટાકા વેફર
ફરાળી ખમણ-પાત્રા
શ્રી
કૃષ્ણ
(જુના અને જાણીતા)
ફરસાણ કોર્નર
૧૦, નીલધારા શોપીંગ સેન્ટર, રમેશ દાળવડાની બાજુમાં,
વ્યાસવાડી ચાર રસ્તા, નવા વાડજ.M : 9898135489

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

અખબારનગર પાસે વૃદ્ધ ચગદાઈ જતાં સ્થળે જ કરુણ મોત, એક્ટિવા ડૂચો બની ગયું !

અમદાવાદમાં ૧ ૨ કલાકમાં ૩ અકસ્માત..!

અમદાવાદ : અમદાવાદમાં છેલ્લા ૧૨ કલાકની અંદર જ અકસ્માતની ત્રણ ઘટના સામે આવી છે. જેમાં દાણીલીમડામાં ચાલીને જતાં યુવકને ટ્રકે અડફેટે લેતા મોત નીપજ્યું હતું. તો અખબારનગર પાસે એક્ટિવા લઈને જતાં વૃદ્ધને પાછળથી આવતી ટ્રકે ટક્કર મારતા વૃદ્ધ બે ભારે વાહનો વચ્ચે ચગદાઈ ગયા હતા. આ ઉપરાંત મોટેરા વિસ્તારમાં ટ્રકે અકસ્માત સર્જતા બે યુવક ગંભીર રીતે ઘાયલ હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ આજે સવારે અમદાવાદ શહેરમાં બેફામ રીતે ફરતી BRTSએ ફરી અકસ્માક સર્જ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ટ્રાફિકથી સતત ધમધમતા રહેતા વાડજ વિસ્તારમાં મ્યુજીએ અચાનક બ્રેક મારતા મ્યુજી, એક્ટિવા અને ડમ્પર વચ્ચે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત એટલો ભયંકર હતો કે બસ અને ડ્રમ્પરની વચ્ચે એક્ટિવા ચાલક ફસાઈ ગયો હતો. આ ઘટનામાં એક્ટિવા ચાલક યુવક ઈજાગ્રસ્ત થતાં તેને તાત્કાલિક અસરથી ૧૦૮ મારફતે નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

બીજી ઘટનામાં અમદાવાદ શહેરના દાણીલીમડામાં કોઝી હોટલ પાસે ગઈકાલે (૧૨ ઓગસ્ટ) રાતે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ ૪૪ વર્ષના કિશોર અશોકભાઈ ચતુર્વેદી કોઝી હોટલથી મોતીપુરા ચોકડી તરફ ચાલીને જઈ રહ્યો હતો. તે દરમિયાન મોતીપુરા ચોકડી તરફ જતાં રોડ પર બાપા સીતારામની મઢુલી પાસે બેફામ આવતી ટ્રકે તેને હડફેટે લેતા ગંભીર ઈજા પહોંચતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

ત્રીજી ઘટનામાં શહેરના મોટેરા વિસ્તારમાં પણ એક અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકની હડફેટમાં બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. જેઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્ટિલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માત કરનાર પણ મોટું વાહન જ હતું. ત્યારે શહેરના રસ્તાઓ પર ફરી રહેલાં મોટાં વાહનો પર અંકુશ ન હોવાના કારણે અકસ્માતો થઈ રહ્યા હોવાની પણ ચર્ચા છે.

શહેરમાં બેફામ દોડતાં ભારે વાહનોથી ૧૨ કલાકની અંદર બે નિર્દોષ વ્યક્તિનાં મોત થયાં છે. અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા શહેરમાં ટ્રાફિક માટેની સુફિયાણીઓ વાતો કરવામાં આવે છે. હાઈકોર્ટ દ્વારા જ્યારે ઉધડો લેવામાં આવે છે, ત્યારે લોકોને દેખાય તે પ્રમાણે અલગ-અલગ ડ્રાઈવના નામે થોડા દિવસ માટે કામગીરી થાય છે. ટ્રાફિક પોલીસની સમગ્ર વાત ભ્રામક હોવાનું સાબિત કરતા કિસ્સાઓ સામે આવ્યા છે.

શ્રાવણ માસમાં ફરાળી વાનગીઓની માંગમાં વધારો

અમદાવાદ, શ્રાવણ મહીનાની ચાલી રહયો છે. શ્રાવણ મહીનામાં લોકો ઉપવાસ કરતા હોય છે. અમદાવાદમાં ફરાળી પેટીસથી લઈને ફરાળી અનેક વાનગીઓ મળે છે. મોટી સંખ્યામાં લોકો ઉપવાસમાં આવી વાનગીઓ આરોગી રહયાં છે. શ્રાવણ મહીના દરમ્યાન ભકતો વ્રત રાખતા હોય છે. અનેક ભકતો આખો મહીનો ઉપવાસ કરતા હોય છે. આ ઉપવાસને લઈને ખાસ કરીને ફરાળી વસ્તુની માંગમાં વધારો જોવા મળતો હોય છે. ત્યારે ફરસાણવાળાઓને ત્યાં ફરાળી પેટીસથી માંડી ફરાળી અવનવી વેરાયટીઓ મળે છે. અને ગરમાગરમ ફરાળી ચીજ વસ્તુઆને આનંદ માણવા માટે લોકોનો ભારે ઘસારો જોવા મળે છે. ફરસાણની દુકાનના વેપારી એ જણાવ્યું કે, શ્રાવણ માસ દરમ્યાન મોટી સંખ્યામાં ભકતો ઉપવાસ કરે છે ત્યારે શ્રાવણ મહીનો ઉપરાત તહેવારના સમયગાળા દરમ્યાન વિવિધ ફરાળી ચીજવસ્તુ માટે લોકોની ભીડ જામતી હોય છે. ભીડને પહોચી વળવા માટે થઈ સ્ટાફમાં પણ વધારો કરવામાં આવ્યો છે. સાંજના સાત વાગ્યાથી લઈ રાતે મોડા સુધી ભીડ જામતી હોય છે. કેળા અને બટાકા વેફર ફરાળી સાબુદાણા ની ખીચડી, ફરાળીભેળ, બફવડા, ફરાળી કટલેસ દહી વડા સહીતની ચીજ વસ્તુઓની વધુ માંગ જોવા મળે છે. અને શ્રાવણ મહીનામાં ખાસ કરીને સાંજના સમયગાળા દરમ્યાન અહીં ભારે ભીડ જોવા મળતી હોય છે. ખાસ કરીને જન્માષ્ટમી સહીતના પર્વ નજીક આવશે. તેમ તેમ લોકોની હજુ વધુ ભીડ જોવા મળશે. વધુમાં તેમણે કહ્યું કે તેમનો પરીવાર પણ આ ફરાળી વાનગી બનાવવાની કામગીરીમાં જોડાય છે. જેમાં બફવડા, ફરાળી, પેટીશ, ફરાળી સમોસા, કટલેસ, ભેળ રગડો, પેટીસ ચેવડો, ડ્રાયફ્રુટ ચેવડો, ફરાળી ફુદીના ચેવડો, મીઠો અને તીખો ચેવડો, ફરાળી ચવાણું ફરાળી, પંજાબી મીક્ષ અને ખાખરાનું વેચાણ કરે છે.

રક્ષાબંધન નિમિત્તે રાખડી મોકલવા ૧૮ ઓગસ્ટ રવિવારે પણ પોસ્ટ ઓફિસો ખુલ્લી રહેશે

અમદાવાદ : ૧૯ ઓગસ્ટે રક્ષાબંધન છે. ત્યારે જે બહેન ભાઈના ઘરે પહોંચી શકતી નથી તેઓ ભાઈને પોસ્ટ દ્વારા રાખડી મોકલી આપે છે. આવા સંજોગોમાં પોસ્ટ ઓફિસોમાં મોટી સંખ્યામાં રાખડીના કવર તેમજ ગિફ્ટનું બુકિંગ થઈ રહ્યું છે. પોસ્ટ ઓફિસોમાં લોકોના ધસારાને ધ્યાનમાં રાખી પોસ્ટ વિભાગ દ્વારા રાખડી તેમજ ગિફ્ટ પહોંચાડવા માટે વિશેષ વ્યવસ્થા કરી છે. જેમાં અમદાવાદ સહિત રાજ્યભરની તમામ પોસ્ટ ઓફિસોમાં રાખડીના બુકિંગ માટે ૧૭ ઓગસ્ટ સુધી રાતે ૮ વાગ્યા સુધી ખુલ્લી રાખવામાં આવશે. વરસાદી સિઝનમાં રાખડી પલળે નહીં તે માટે ૧૦ રૂપિયાની કિમતમાં વિશેષ વોટરપ્રૂફ કવરનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. જ્યારે શહેરના નેશનલ શોર્ટિંટ હબ શાહીબાગ ઓફિસમાં ૨૪ કલાક બુકિંગની સુવિધા શરૂ કરવામાં આવી છે. બુક થયેલા આર્ટિકલની ઝડપથી ડિલિવરી થઈ શકે તે માટે નોકરી સમય બાદ પણ કામગીરી ચાલૂ રાખવામાં આવી રહી છે. તેની સાથે તમામ ભાઈઓ સુધી રક્ષાબંધનના દિવસે ૧૯મી સુધીમાં રાખડી મળી રહે તે માટે પોસ્ટ વિભાગ દ્વારા ૧૮મીએ રવિવારની રજા હોવા છતાં પણ બુક થયેલી રાખડી તેમજ ગિફ્ટ આર્ટિકલની ડિલિવરી ચાલુ રખાશે. તમામ પોસ્ટ ઓફિસમાં સ્પીડ પોસ્ટથી રાખડીના બુકિંગ માટે વિશેષ કાઉન્ટર શરૂ કરવામાં આવ્યું છે. તેની સાથે જ રાખડી ક્યાં પહોંચી તેનું ઈન્ડિયા પોસ્ટની વેબસાઈટ પર ટ્રેકિંગ પણ કરી શકાય છે. સ્પીડ પોસ્ટમાં લોકલમાં બુકિંગ માટે રૂ.૧૯ તેમજ દેશભરમાં મોકલવા માટે રૂ.૪૧ પ્રતિ ૫૦ ગ્રામ સુધીનો ચાર્જ લેવાશે.

બિલ્ડરના ઘરમાંથી ૧૪.૮૦ લાખ ચોરનાર બે રાજસ્થાનથી પકડાયા

થલતેજમાં નિરાંત પાર્કમાં રહેતા આરજેડી બિલ્ડકોન કન્સ્ટ્રકશનના માલીક રાજેશ દેસાઈના બંગલામાંથી ૧૪.૮૦ લાખની ચોરી કરનારા બેની વસ્ત્રાપુર પોલીસે ધરપકડ કરી હતી. બંગલામાં ચોરી કરવા માટે પાંચ ચોર રાજસ્થાનથી ગાડી લઈને ૧૮૦ કિલોમીટર દુર અમદાવાદ આવ્યા હતા અને ચોરી કર્યા બાદ પાછા રાજસ્થાન જતા રહયા હતા. પોલીસે નિરાંત પાર્ક તેમજ આસપાસના રોડ પરના સીસીટીવી ફુટેજ ચેક કરતા રાતના સમયે એક શંકાસ્પદ ગાડી જોવા મળી હતી. પોલીસે સીસીટીવી ચેક કરતા અજવાળું થતા એક જગ્યાએ ગાડીનો નંબર દેખાયો હતો. જેના આધારે પોલીસ તેના માલીક સુધી પહોચી હતી.જેની પુછપરછ કરતા તેણે ગાડી રાજસ્થાન ખેરવાડાના અલ્પેશ ગામેતીનો વેચી હોવાનું કબુલ્યું હતું. જેના આધારે પોલીસની ટીમ રાજસ્થાન ગઈ હતી અને ત્યાંથી અલ્પેશ અનો તેના સાગરીત ગોવિંદરામ ખરાડી ૨૯નો પકડી લાવી હતી.

દરેક વસ્તુ છુટક તથા જથ્થાબંધ ભાવે મળશે
વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૧૫ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ખાખરા, પાપડ, મીઠાઈ, કેક, ઈટાલિયન બ્રેડ, શરબત અને આઈસ્ક્રીમ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.
ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪,
મો : ૯૯૨૪૫૯૯૫૯૫
અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

ગણેશ મહોત્સવ અંગે પોલીસ કમિશનરનું જાહેરનામુ

અમદાવાદ : અમદાવાદ શહેરમાં દર વર્ષે ગણેશ મહોત્સવ ધામધુમથી ઉજવવામાં આવે છે. આ વર્ષે ૭ સપ્ટેમ્બરના રોજ ભગવાન ગણેશજીની પ્રતિમાની સ્થાપના તશે અને ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ મુર્તિઓનું વિસર્જન થશે. જેમાં મુર્તિકારો દ્વારા બનાવવામાં આવતી મુર્તિઓના કદ અને ઉંચાઈનું નિયત અને યોગય ધોરણ જાળવી રાખવામાં આવે જેથી વિસર્જનની પ્રક્રિયા સરળ થાય. તે સિવાય શોભાયાત્રા દરમિયાન ટ્રાફિકનું નિયમન સરળ રહે, કાયદો વ્યવસ્થાના પ્રશ્નો ન ઉદ્ભવે, મુર્તિ બનાવવાના સ્થળે ગંદકી ન થાય અને તેને કારણે રોગચાળો ન ફેલાય તે સુનિશ્ચિત કરવું પડશે.મુર્તિની બનાવટમાં અન્ય ધર્મોની લાગણી ન દુભાય તેવા કોઈ ચિહ્નો કે નિશાની રાખવામાં ન આવે તે સુનિશ્ચિત કરવુ જરૂરી છે. મુર્તિ બનાવવામાં કેમિકલયુકત રંગો વાપરવાથી અને નદી તથા તળાવમાં મુર્તિ વિસર્જીત કરવાથી પાણીમાં રહેતા પાણી જન્ય જીવો , માછલી તેમજ મનુષ્યને પણ નુકશાન થાય છે. આમ પાણી અને પર્યાવરણનમાં થતા પ્રદુષમને અટકાવવા કેન્દ્રિય પ્રદુષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન મુજબ તેમજ સરકાર દ્વારા બહાર પાડવામાં આવતા ઠરાવો તથા સુપ્રીમ કોર્ટ દ્વારા મુર્તિઓના વિસર્જન અંગે આપવામાં આવેલી ગાઈડ લાઈનને ધ્યાનમાં લેવી જરૂરી છે. તે સિવાય ગણેશોત્સવ દરમિયાન કેટલાક પ્રતિબંધ લાદવામાં આવ્યા છે. ૧.ગણપતિજીની માટીની મુતિ બેઠક સહિતની ૯ ફૂટ કરતા વધારે ઉંચાઈની બનાવવા , વેચવા, સ્થાપના કરવા તથા જાહેર માર્ગ પર પરિવહન કરવા પર પ્રતિબંધ ૨. પીઓપીની મુર્તીઓઅને બેઠક સહિતની ૫ ફૂટથી વધારે ઉંચાઈની બનાવવા, વેચવા, સ્થાપવા જાહેરમાર્ગ પર પરિવહન કરવા, નદી, તળાવ સહિતના કુદરતી જળાશયોમાં વિસર્જન કરવા પર પ્રતિબંધ ૩. જ્યાં મુર્તિકારો મુર્તિ બનાવે છે અને વેચાણે રાખે છે તેની આજુબાજુ ગંદકી ન ફેલાય, રોડ પર મુર્તિ ખુલ્લી ન મુકવા અને ખંડિત મુર્તિઓને બિનવારસી હાલતમાં ન રાખવા જણાવાયું છે. ૪. મુર્તિઓ પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલવાળા રંગોના ઉપયોગ પર પ્રતિબંધ ૫. ધાર્મિક લાગણી દુભાય તેવા ચિહ્નોકે નિશાનીવાળી મુર્તીઓ બનાવવા, ખરીદવા તથા વેચવા પર પ્રતિબંધ. ૬.પરમીટમાં દર્શાવિલ રૂટ સિવાય અન્ય રૂટ પર શોભાયાત્રા કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

અમદાવાદમાં ઠેર ઠેર પોલીસના દરોડા, ૩૨ જુગારિયાને રંગેહાથ ઝડપી લીધા

અમદાવાદ : શહેરમાં પોલીસ દારૂના અડ્ડાઓની સાથે-સાથે જુગારના અડ્ડા પર દરોડા પાડી રહી છે. ગઈકાલે અમરાઈવાડી, ગીતા મંદિર, નરોડા, વસ્ત્રાલ તેમજ સરખેજમાં ચાલતા શ્રાવણિયા જુગારધામ પર પોલીસે દરોડા પાડયા છે. પોલીસે રેડ દરમિયાન ૩૨ જુગારિયા સાથે ૧,૮૭,૬૫૦ની રોકડ રકમ પણ જપ્ત કરી છે. પાંચ જગ્યાએ પાડેલા દરોડા પૈકી બે જગ્યા પર દુકાનની અંદર જુગાર ચાલતો હતો, જયારે એક ઘરમાં જુગાર રમાતો હતો. આ સિવાય બે જુગાર જાહેર જગ્યા પર રમાતા હતા. અમરાઈવાડી વિસ્તારમાં આવેલા રાધે મોલના બીજા માળે આવેલી દુકાનમાં શ્રાવણિયો જુગાર ચાલી રહ્યો હોવાની બાતમી અમરાઈવાડી પોલીસને મળી હતી. બાતમીના આધારે અમરાઈવાડી પોલીસે દરોડા પાડયા હતા, જેમાં ઉમંગ પંચાલ, જલદીપ પટેલ, મોતી પરમાર, મનીષ ભટ્ટ, મનીષ આહુજા, યોગેશ આહુજા, દર્શન જોશી, મહેશ પટેલ, વિપુલ પટેલ અને ધનેશ ઉનડકટની ધરપકડ કરી હતી, જુગારિયા પાસેથી પોલીસે ૧.૧૭ લાખની રોકડ રકમ અને ૨.૬૦ લાખની કિંમતના નવ મોબાઈલ ફોન તેમજ ૧૩૦ લાખની કિંમતના વાહનો જપ્ત કર્યો છે. પોલીસે દસ જુગારિયાની ધરપકડ કરીને તેમના વિરુદ્ધ કાર્યવાહી કરી છે. ગીતા મંદિર નજીક આવેલા આરોગ્ય ભવન સામે જાહેરમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમી કાગડાપીઠ પોલીસને મળી હતી. બાતમીના આધારે કાગડાપીઠ પોલીસ ટીમે રેડ કરીને દિનેશ વણજારા, મોહંમદ આસિફ શેખ, સબ્બીર હુસેન શેખ અને નાસિરખાન પઠાણની ધરપકડ કરી છે. ચારેય જુગારિયા પાસેથી પોલીસે ૧૧,૫૩૦ રૂપિયા જપ્ત કર્યો છે. આ સાથે નરોડા પોલીસને પણ બાતમી મળી હતી કે રણાસણ ટોલ ટેક્સ પાસે આવેલા ગણેશ આઈકોન નામના બિલ્ડિંગના પાંચમા માળે આવેલી દુકાનમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે નરોડા પોલીસ ટીમે રેડ કરી હતી, જેમાં કિશન પટેલ, રાજન પટેલ, ગોપાલ ઝાલા, હેમાંગ રાઠોડ, હર્ષદ પટેલ, મયુર પટેલ અને હરપાલસિંહ પુવારની ધરપકડ કરી છે. સાતેય જુગારિયા પાસેથી પોલીસે ૨૩,૯૭૦ રૂપિયા જપ્ત કર્યા છે. નરોડા પોલીસે તમામ વિરૂદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. વસ્ત્રાલમાં આવેલી સોમનાથ સોસાયટીમાં જુગાર ચાલતો હોવાની બાતમી રામોલ પોલીસને મળી હતી. બાતમીના આધારે રામોલ પોલીસે રેડ કરી હતી, જેમાં ધર્મેન્દ્ર પંચાલ, સંદીપ પંચાલ અને મહેન્દ્ર પંચાલની ધરપકડ કરી છે. તમામ પાસેથી પોલીસે ૧૫,૮૫૦ રૂપિયા જપ્ત કરીને તપાસ શરૂ કરી છે. સરખેજ પોલીસે પણ મમતપુરા ખાતે આવેલી અવાવરું જગ્યા પર ચાલતા જુગારધામનો પર્દાફાશ કર્યો છે. પોલીસે રેડ કરીને રાકેશ મકવાણા, અસ્ફાક રહેમાન, સન્ની ઠાકોર, રાહુલ ઠાકોર, સાલાર હુસેન સિપાઈ, સુરેશ સલાટની ધરપકડ કરી છે. સરખેજ પોલીસે તમામની ધરપકડ કરીને ૧૯,૩૦૦ રૂપિયા જપ્ત કર્યા છે. પોલીસે તમામ વિરૂદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

સરકારી કર્મચારીઓને મોટી ભેટ: વંદે ભારત ટ્રેનમાં પણ LTCનો લાભ મળશે

અમદાવાદ : રાજય સરકારે પવિત્ર શ્રાવણ માસમાં રાજયના સરકારી કર્મચરીઓને મોટી ભેટ આપી છે, જેનો સીધો લાભ પાંચ લાખ સરકારી કર્મચારીઓને મળશે. મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર રાજય સરકારના કર્મચારીઓને રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસના હેતુ માટે વંદે ભારત ટ્રેનની મુસાફરીને માન્યતા આપવાની મહત્વપૂર્ણ જાહેરાત કરતાં કર્મચારીઓમાં આનંદની લાગણી વ્યાપી છે. સરકારી કર્મચારીઓને દર ચાર વર્ષે એલટીસી (લિવ ટ્રાવેલ કન્સેશન) વતન પ્રવાસનો લાભ ૬૦૦૦ કિ.મી.ની મર્યાદામાં આપવામાં આવે છે. કર્મચારીઓ આવા પ્રવાસ અંતર્ગત મોટા ભાગે ટ્રેન દ્વારા મુસાફરી કરતા હોય છે. ભારતીય રેલવે દ્વારા છેલ્લા થોડા વર્ષોથી આધુનિક સુવિધા સાથેની વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવી છે. હવે સરકારના કર્મચારીઓ દ્વારાતેમને મળતા આવા રજા પ્રવાસ રાહતમાં વંદે ભારત ટ્રેનની મુસાફરીનો સમાવેશ કરવા મુખ્યપ્રધાન સમક્ષ રજુઆત કરવામાં આવી હતી. સરકારે કર્મચારીઓના વ્યાપક હિતમાં ઉદાર વલણ અપનાવીને એલટીસી બ્લોક ૨૦૨૦-૨૩ની શરૂઆતથી રજા પ્રવાસ રાહત માટે વંદે ભારત ટ્રેનની મુસાફરીનો પણ સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે. તેથી હવે રાજયના પાંચ લાખ કર્મચારીઓ રજા પ્રવાસ રાહત દરમિયાન આ નિર્ણયનો લાભ મેળવી શકશે. દેશમાં અત્યાર સુધીમાં ઘણી વંદે ભારત ટ્રેન શરૂ થઈ ગઈ છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, કેરળ, ગુજરાત સહિત ઘણા રાજયને વંદે ભારત ટ્રેનની સુવિધા મળી છે, જયારે દેશના અન્ય નવા રૂટ પર પણ વધુ વંદે ભારત ટ્રેન શરૂ કરવા માટે ટૂંક સમયમાં રેલવે તરફથી સારા સમાચાર મળવાની શકયતા છે, જેનો લાભ પણ સરકારી કર્મચારીઓને મળશે. નાણાં વિભાગ દ્વારા ટૂંક સમયમાં આ બાબતે ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવશે. સીએમ ભૂપેન્દ્ર પટેલે કર્મચારીઓના વ્યાપક હિતમાં એલટીસી બ્લોક ૨૦૨૦- ૨૩ની શરૂઆતથી રજા પ્રવાસ રાહત માટે વંદે ભારત ટ્રેનની મુસાફરીનો પણ સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે.

Digital India
Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC
e-Governance Services India Limited
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
આયુષ્માન કાર્ડ
બેન્કીગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફલેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

ગુજરાતીઓ આનંદો...

વંદે ભારત બાદ હવે દોડશે વંદે મેટ્રો, મુંબઈના લોકલ ટ્રેન જેવી ફીલિંગ આવશે

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

અમદાવાદ : ભારતીય રેલવે તરફથી મુસાફરોને વધુ એક ભેટ મળવા જઈ રહી છે. વંદે ભારત ટ્રેન સાથે વંદે મેટ્રો ટ્રેન રેલવેના પાટા પર દોડશે. વંદે ભારત ટ્રેન જેવી જ દેખાતીસ પરંતુ મેટ્રો જેવી સુવિધા સાથે આ વંદે મેટ્રો ટ્રેન મુસાફરો માટે શરૂ કરવામાં આવનાર છે. ગુજરાતીઓ માટે ફાયદાની વાત એ છે કે, આ ટ્રેન ગુજરાતમાં સૌથી પહેલા દોડાવવામાં આવશે. ગુજરાતના મુસાફરોને તેનો લાભ મળશે. આ ટ્રેન ગઈ કાલે સાંજે સાબરમતી ખાતે પહોંચી ગઈ છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, ભારતીય રેલવે દ્વારા અમદાવાદીઓને એક ખાસ સુવિધાની ભેટ આપવામાં આવશે. વંદે ભારતની જેમ હવે વંદે મેટ્રો ટ્રેન દોડશે. પ્રથમ વંદે ભારત મેટ્રો ટ્રેન ગાંધીનગરથી સત્તાવાર લોન્ચ માટે અમદાવાદ આવી પહોંચી છે. આ ટ્રેન ગાંધીનગર અને ભુજ વચ્ચે દોડશે અને લોકલ ટ્રેનનું સ્થાન લેશે. બીજી દરખાસ્ત તેને સુરત અને ગાંધીનગર વચ્ચે ચલાવવાની છે. જો કે, ત્યાં એક ઈન્ટરસિટી ટ્રેન છે — જામનગર-અમદાવાદ-સુરત ઈન્ટરસિટી — સુરત રૂટ પર પહેલેથી જ કાર્યરત છે.

આ નવી મેટ્રો ટ્રેન સંપૂર્ણપણે એરકન્ડિશન્ડ હશે અને તેમાં વંદે ભારત એક્સપ્રેસ જેવી જ સુવિધાઓ હશે. અધિકારીઓએ જણાવ્યું કે વંદે ભારત મેટ્રોનું શેડ્યૂલ, ડેસ્ટિનેશન અને કયા દિવસે ફ્લેગ ઓફ કરવામાં આવશે તેની જાહેરાત હજુ બાકી છે. સ્વતંત્રતા દિવસે તેને લોન્ચ કરવામાં આવે તેવી શક્યતા છે. જણાવી દઈએ કે, ગઈકાલ સાંજે જ વંદે મેટ્રો ટ્રેન સાબરમતી રેલવે સ્ટેશન ખાતે ટ્રાયલ માટે પહોંચી હતી. હવે આવનારા થોડા જ દિવસોમાં ટ્રેનનું ટ્રાયલ શરૂ કરાશે. જેના બાદ બે જિલ્લાઓ વચ્ચે વંદે મેટ્રો ટ્રેન દોડાવવામા આવશે. જોકે કયા બે જિલ્લા વચ્ચે દોડશે તે તો ટ્રાયલ રન બાદ નક્કી થશે.

જોકે, સૂત્રોના અનુસાર, આ ટ્રેનમાં મુસાફરી માટે રિઝર્વેશન કરાવવાની જરૂર નહિ પડે. ટ્રેનમાં વહેલા તે પહેલા ધોરણ સીટ ફાળવવામા આવશે. ટ્રેન ફૂલ થઈ જાય તો પેસેન્જરને ઉભા રહેવા માટે પણ વ્યવસ્થા કરવમા આવી છે. આ ટ્રેન અનરિઝર્વ્ડ એસી ટ્રેન તરીકે દોડાવાશે.

વંદે મેટ્રો ટ્રેનની ખાસિયત શું રહેશે

ટ્રેનની મહત્તમ સ્પીડ કલાકના ૧૦૦ થી ૧૩૦ કિલોમીટરની રહેશે

આ ટ્રેનના ૧૨ કોચ રહેશે

દરેક કોચમાં સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવશે

આ ટ્રેન ઓક્ટોબર સુધી પાટા પર દોડતી થઈ જશે

ટ્રેનનું ભાડું કેટલું રહેશે તે હજી જાહેર કરાયું નથી

આ ટ્રેનમાં મુંબઈ લોકલની જેમ પેસેન્જરને ઉભા રહેવા માટે હેન્ડલ પણ આપવામાં આવશે

ટ્રેન સેન્ટ્રલી એસી રહેશે

તેમાં ઓટોમેટિક ગેટ અને મોબાઈલ ચાર્જિંગ માટે શોકેટ તથા એલઈડી ડિસ્પ્લે રહેશે

ટ્રેનમાં વોશ બેઝિનથી લઈને આધુનિક ટોયલેટ સુધીની સુવિધા હશે

મુસાફરોની સુરક્ષા માટે તેમાં 'કવચ' ટ્રેન એન્ટી-કોલીશન સિસ્ટમ લગાવવામાં આવશે

વંદે મેટ્રો ટ્રેનનો દેખાવ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અન્ય લોકલ મેટ્રો ટ્રેનો કરતા વધુ સારું છે. આ ટ્રેનનું ઈન્ટિરિયર ઉચ્ચ કક્ષાની સુવિધાઓથી સજ્જ છે. ઉપરાંત મુસાફરોની સુરક્ષા માટે તેમાં 'કવચ' ટ્રેન એન્ટી-કોલીશન સિસ્ટમ લગાવવામાં આવશે.

મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી

JIGISHA Speciality Hospital
SINCE 1997 | COMMITED TO CARE
25+ YEARS EXPERIENCE
જીગીશા
સ્પેશ્યાલિટી હોસ્પીટલ
JIGISHA Speciality Hospital
ડો. જીગ્નેશ સી. શાહ
M.D. (Gynec)
ડો. જીગીષા જે. શાહ
M.D., D.G.O.
ડો. રીયા શાહ
M.S. (Gynec), Gold Medalist
સ્વસ્થ સ્ત્રી એટલે સ્વસ્થ પરિવાર
પ્રિમિયમ રૂમ
ઓપરેશન થિયેટર
આધુનિક ફેસિલિટી
3D-4D સોનોગ્રાફી
20,000+ દર્દીઓનો વિશ્વાસ
10,000+ સફળ ઓપરેશન
8000+ બાળકોની ડિલિવરી
30+ સક્ષમ કર્મચારી
૩૦૧, શિવાલીક સ્કેવર, સીએનજી પંપ પાસે,
૧૩૨ફુટ રીંગ રોડ, નવા વાડજ, અમદાવાદ-૧૩.
એપોઈન્મેન્ટ માટે સંપર્ક કરો : 94086 54800,97230 54800



MANGALAM
Navavadaj · Gurukul
www.mangalamdesigner.com

Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate,
Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel,
Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.